# પારનેરાના પાંચ દિવસ

— રમણલાલ જોષી (બિચારો) સૂરત

લાંબા સમયની વાત છે. પ્રાતઃસ્મરણીય પ.પૂ.શ્રી રંગ અવધૂત ગુરુદેવ ગણદેવીથી બીલીમોરા પ્રયાણ કરે તે પહેલાં શ્રી અધ્વર્યુકાકા દ્વારા મને આદેશ મળ્યો. સૂરતથી નાનો બિસ્તરો લઈ બીલીમોરા પહોંચો. ગુપ્તતા જાળવી તમારે પારનેરા ડુંગર પર પૂ. શ્રી સાથે અજ્ઞાતવાસ કરવાનો છે. પૂ. શ્રી.ની તમારા પર પસંદગી થઈ છે. એ અનુસાર હું ભાગ્યશાળી ઠર્યો. સંતના સત્સંગમાં સામેલ થવાનું મારું સદ્‌ભાગ્ય ખૂલ્યું. બીલીમોરા બિસ્તરો લઈને હું પહોંચ્યો. ત્યાં બપોરની ટ્રેનમાં નીકળ્યા ગાડી વલસાડ પહોંચી પણ પૂ. શ્રી ઉતર્યા નહિં અને કહ્યું રમણલાલ બહાર જઈ ઘોડાગાડી તૈયાર રાખો, ગુપ્તતા જાળવજો હું ગીરદી ઘટે એટલે ઉતરીને આવું છું.

સ્ટેશન ઉપર મારા મિત્ર છોટુભાઇ ટી. ટી. મળ્યા. મેં કહ્યું અવધૂતનાં દર્શન કરવાં હોય તો અહીં થોભો. તેણે દર્શન માટે તેમના અંગત દસપંદર જણને આમંત્ર્યા, પૂ. શ્રી એ દર્શનાર્થીઓને જોઇને મને પૂછ્યું કે આ આપનું પરાક્રમ કે ? મેં હા કહ્યું અને કહ્યું કે ભલેને લોકો આપનાં દર્શન કરે, તેમાં તમોને હરકત કયાં છે ?

ઘોડાગાડીમાં પડદા પાડીને બેસી ગયા અને સીધા પારનેરાના પંથે હંકાર્યું. પારનેરા પહોંચી અમે ચઢાણ શરુ કર્યું. પૂ. શ્રી વકીલકાકા અને સુમનભાઈ અમારો સામાન લઈ અને જરૂરી વ્યવસ્થા કરી પાછળથી તેઓ આવે છે એ જાણ્યું. પોણા ભાગનું ચઢાણ થયા પછી મારા મગજમાં અનેક વિચારો આવે અને તે વિચારો વધવા લાગ્યા, મારી દૃષ્ટિએ પૂ. શ્રી એક સામાન્ય સંત તરીકેની ગણનામાં હતા, મુકામ કયાં હશે ? વ્યવસ્થા શું હશે ? વિ.

અચાનક પૂ. શ્રી કહે "જરા થાક લાગ્યો છે. આપણે આ પારોળી પર બેસીએ" પૂ. શ્રી બેઠા. સાથે હું પણ મારી સભ્યતા છોડી એમની બાજુમાં બેસી ગયો, મારે નીચે કે કોઇ બીજી આમતેમ જગ્યાએ બેસવું જોઈએ છતાં આ મર્યાદા તોડવાનું મને પછી દુઃખ થયું. પૂ. શ્રીએ મને તરત પૂછ્યું કે કંઈક વિચારના વમળમાં ઘેરાવું તે કરતાં મને કંઈ પૂછવું હોય તે વિના સંકોચે પૂછો. "બાપજી મારે તમોને મારી નાદાનિયત જેવા પાંચ પ્રશ્ન પૂછવા છે. પણ નાને મોંએ મોટી વાત કરવી તે કારણે ગુંચવાઉં છું. પછી પૂછી નાંખ્યા.

(૧) તમારામાં અને મારામાં શું ફરક છે ? તમો જ્ઞાની માનવી હું અજ્ઞાની માણસ.

(૨) ગુરુ કરવાની શી જરૂર ? સાચું બોલો, ઇન્દ્રિય દમન કરો, દયા રાખો, પવિત્રતા

જાળવો, ઈશ્વરસ્તવન કરો, ગુરુ એ સિવાય બીજું શું કહેવાના હતા ? જે કહેવાના તે તો અમો જાણીએ છીએ.

(૩) લોકો આપને હાર પહેરાવે અમને કેમ નહિ ?

(૪) લોકો કહે છે કે ભગવાન નારાજ થશે, કોપાયમાન થશે, મને તો ભગવાન દેખાતા જ નથી. તો એ ભગવાન કયાં છે ?

(૫) આપના અને દત્તના અનુગ્રહ માટે યજ્ઞ, સપ્તાહ, સત્સંગાદિ કાર્યક્રમ યોજવામાં આવે તો તેમાં શી મર્યાદા રાખવી ? મને અંતરની શ્રદ્ધા નહિ, વિશ્વાસ નહિ વળી જુવાનીની અસર. પ્રશ્ન સાંભળી ને પૂ. શ્રી હસ્યા. નાદાની મેં કરી પણ પૂજ્યશ્રીએ પ્રત્યુત્તરની શરુઆત કરી.

(૧) મારા અને તમારામાં ત્રણ અક્ષરને ચાર માત્રાનો ફરક છે. "મેં ત્રણ અક્ષર અને ચાર માત્રા એટલે શું" પૂછયું ત્યારે-કહે છે કે-તમને એજ ખબર નથી તો જેને તમે આ સમસ્યા પૂછશો તો તે ગુરુ થશે-ત્રણ અક્ષર અને ચાર માત્રા એટલે "સિવાય"નો ફરક" મારી ડાયરીમાં હું અને મેં જેવા શબ્દો નથી તો તમારી ડાયરીમાં હું અને મેં સિવાય શબ્દો નથી. માણુસ માત્રને બે ગુરુ કરવા પડે જ. શિક્ષાગુરુ અને દીક્ષાગુરુ-દત્ત ભગવાને ૨૪ ગુરુ પાસેથી જ્ઞાન સંઘર્યું હતું. આમ એકજ પ્રત્યુત્તરમાં બેના જવાબ આપ્યા.

(૩) હું દુનિયાથી હારેલો છું અને લોકો મને હાર પહેરાવે છે, જે માણુસ દુનિયાને જીતવાની કોશિષ કરે તેને હારની સાથે જુતા પણુ મળે.

(૪) ભગવાન કયાં છે તે હું તમને છ મહિના પછી તમારે ત્યાંજ બતાવીશ (આ પ્રસંગ બીજા કોઇ અનુકુળ સમયે-લખાણનું લંબાણુ થાય જેથી)

(૫) તમે જાણો છો કે દત્ત અકિંચન હતા. દ્રવ્યાદિ વસ્તુથી દૂર હતા હું પણુ દૂર છું. નાણા માટે યાચના કરતો નથી. અને કોઈ કરે તે મને ગમતું નથી.

થોડું આગળ ચાલ્યા. ત્યાં સહેજ સારી જગ્યા આવી, ત્યાં સામેથી દસેક ફૂટ લાંબો એક જબરો સાપ આવ્યો. હું ખૂબજ અકળાઈ ગયો પૂ. શ્રી કહે છે કે એ આપણું સ્વાગત કરવા આવ્યો છે. સાપ એક ભરોડામાં ભરાઈ ગયો અને પૂ. શ્રી ત્યાં પોતાનું વસ્ત્ર નાંખીને બેસી ગયા. અને મને કહ્યું કે આ જગ્યાએ આપણો મુકામ, મેં કહ્યું : બાપજી સાંજ પડશે અને સાપ પાછો નીકળશે ત્યારે શું થશે ? મને તો ડર લાગે છે. બાપજી કહે છે કે આસ્તિક ઋષિને તમો ઈષ્ટ દેવ માનો છો અને આ સર્પથી ડરો છો ? ધારો કે સાપ નીકળે અને પૂછે કે તમારા બેમાંથી હું કોને કરડું તો તમે શું જવાબ આપો ? મેં કહ્યું કે હું આપને વ્હાલો થવા કંઈક કહું તે ખોટું

છે, મારો જવાબ તો એવો છે કે આ સાપ તમને જ કરડે. માજી જરાતરા શોક કરીને બેસી રહેશે, પણ મારૂં તો આખું કુટુંબ દુઃખી થઈ જશે. આ સર્પ બાપજી જીવલેણ લાગે છે.

મારા નિખાલસ જવાબથી પૂ. શ્રીને ખૂબ આનંદ થયો અને મને કહે છે કે એ કોઈને કરડવાનો નથી. હમણાં જ ભાગી જશે, અને તરતજ પાંચેક મિનિટમાં તે નીકળીને ભાગી ગયો અને મને ખૂબ શાંતિ થઇ. અમોએ મુકામ નક્કી કર્યો. મેં થોડીક સફાઈ કરી ત્યાં વકીલકાકા અને સુમનભાઈ આવી ગયા. સાથે લાવેલા તે સામાન ગોઠવાઇ ગયો, તેજ સાંજે અમોએ સવારે સ્નાન કયાં કરવું તે જગ્યા પણ જોઇ લીધી પૂ. શ્રી શાંત ચિત્તે ધ્યાનસ્થ થઇ બેસી ગયા. અમો રાત્રે સુમનભાઇ સાથે ભજન દત્તબાવની અને દત્તસ્તુતિ વિ. કર્યું.

સવારે ૪ વાગે સુમનભાઇ અને બાપજીએ ઊઠી સ્નાન કર્યું અને સુમનભાઈ લંગોટ વિ. ધોતા હતા. મેં સુમનભાઇને કહ્યું કે હું આ હોજમાંથી પાણીની ૧ બાલ્ડી કાઢું છું તે મારા પર રેડી દેજો–હું જોરથી ગુરુદેવ દત્ત બોલીશ. આ થંડીમાં મારે વધારે ઠંડા પાણીથી નહાવું નથી. મેં હોજમાંથી ૧ બાલ્ડી પાણી કાઢયું અને તે બાલ્ડી સુમનભાઈએ મારા ઉપર નાંખી. જોવા જેવું થયું. એ બાલ્ડીમાં લગભગ અડધી બાલ્ડી તો લીલ ભરાયેલી હતી. મારા શરીર ઉપર લીલ તો એવી ચોંટી ગઈ કે બીજી આઠ બાલ્ડી પાણી નાખ્યું તો પણ લીલ બધી તો ન જ નીકળી. આ વાતની પૂજ્યશ્રીને પણ ખબર પડી અને વ્યંગમાં બોલ્યા કે "અગ્નિ સળગાવી પેલા મુંબઇગરાને તપાવો નહીં તો બિચારો બિમાર થઇ જશે."

પૂ. શ્રીને પારનેરાના ૮ થી ૧૦ હોજની ચિંતા થવા લાગી. પ્રવાસી બાળકોને આ લીલવાળું પાણી પીતા જોઈને પૂ. શ્રીએ કલેકટર શ્રી લલિતચંદ્ર દલાલ સાહેબને સમાચાર આપ્યા એટલે જળાશય સાફ કરાવ્યા–હજી પણ એ પ્રણાલિકા પ્રમાણે એ જળાશયો સાફ કરાવાય છે.

બીજે દિવસે પૂ. શ્રી મને કહે છે કે આપણે અહિં મકાન બાંધીએ. તમો ખાત મુહૂર્ત શોધો; એ દિવસે મુહૂર્ત હતું જ. એક ખૂણા ઉપર ખોદ્યું અને ગમે ત્યાંથી થાંભલા વાંસ વિ. લાવી દાટયા. તેના ઉપર ઝાડની નાની ડાળીઓ નાખી અને નિરાંતે ચિંતન કરવા માટેની મઢુલી જોતજોતામાં તૈયાર થઈ ગઈ. બાપજી કહે આપણે આ મુહૂર્તની ખુશાલીમાં પેંડા વ્હેંચવા જોઈએ, જૂવો મારી મૃગચર્મની બેગમાં હશે. તો બેગમાંથી પેંડા નીકળ્યા. અને પૂ. શ્રીને હાથે અમોને પ્રસાદ મળ્યો અને ત્રીજો દિવસ પ્રસાર થયો.

ચોથે દિવસે સુમનભાઇ અને વકીલકાકા નીચે તળેટીમાં ગયા હતા. પૂ. શ્રીની

સાથે મઢુલીમાં બેઠો હતો ત્યાં બે શ્વાન આવ્યા, પૂ. શ્રી. એ કહ્યું. આ તમારા વાળો અને આ મારા વાળો. એક યજુર્વેદ અને એક ઋગ્વેદ. હવે બીજા બે આવશે તો આપણી પાસે ચારે વેદ આવી જશે. હજી વાત જ ચાલતી હતી ત્યાં તો બીજા બે શ્વાન આવ્યા. બાપજીએ એમને પાસે બોલાવ્યા, ત્યાં ચરતી ચરતી એક ગાય પણ આવી પૂ. શ્રીની ખૂબજ નજીક આવી. તરતજ બાપજી ઊભા થઈ ગયા. બાપજીએ ગાય ઉપર હાથ મૂકયો અને મને કહે છે રમણલાલ જો જો. હું શું જોવું! હું અકળાઇ ગયો પૂ. શ્રીના મુખારવિંદમાંથી જાણે ગોળગોળ તારામંડળ! ખરે એજ મેં જોયા કર્યું. તનકતારામાંથી જેમ અગ્નિના તણખા ઝરે તેમ જોયું. હાથ કેટલા? મસ્તક કેટલાં? શણગાર શો? તે કશું હું જોવા પામ્યો નહિં સ્વયં સાક્ષાત્ દર્શનનો યોગ મળેલો તે એળે ગયો. કારણ મને અચાનક કહેવામાં આવ્યું. જો સ્હેજ અગાઉથી કહ્યું હોત કે તમને કંઈ બતાવું તે જો તો જુદી વાત પણ હું જોઈ શકયો નહિ. અને ફક્ત એકજ કે દોઢ મિનિટનો આ બનાવ હતો. મેં પૂ. શ્રીને કહ્યું: મારાથી બરાબર જોઈ શકાયું નહિં આપ ફરી બતાવો ત્યારે મને દૃઢ સ્વરે કહ્યું તમારે માટે એટલું જ હતું. હવે એ ફરી જોવાનું ન મળે. આ વાત વકીલને કે કોઈને ન કહેશો.

જેમ શ્રી કૃષ્ણે અર્જુનને વિરાટ સ્વરૂપનું દર્શન કરાવ્યું તેમ પૂ. શ્રીએ દત્ત-દર્શન કરાવ્યું. દુર્ભાગી હું કે ઝરતા તારામંડળમાં મારૂં ચિત ગયું. અને દત્તદર્શન નસીબમાંથી ગયું. ત્યારથી પૂ. શ્રી સ્વયં સાક્ષાત્ દત્તાત્રેય ભગવાન જ છે એવી મને પ્રતીતિ થઈ. ઉપહાસમાં કોઈક વખત કંઈ બોલાતું હતું તે બધું બંધ થયું. આ ધન્ય પ્રસંગ મારા મગજમાં ખરેખર ધન્ય જ રહેશે. પછી ભલે કોઈ માને યા ન માને.

પછી કાગડો બોલ્યો. પૂ. શ્રી મને પૂછે છે કે આ શું કહે છે? તમે સમજતા હોય તો કહો. મેં કહ્યું. "બાપજી મને સમજ નથી કે શું બોલે છે. પૂ. શ્રી એ પક્ષીની ભાષા કેવી રીતે સમજી શકાય અને સમજવું હોય તો શું કરવું જોઈએ તે મને વિસ્તારપૂર્વક સમજાવ્યું. મેં પૂછયું કે બાપજી! તમોજ કહોને આ કાગડો શું કહે છે! પૂ. શ્રી કહે છે કે એ તમારા પરાક્રમની વાત કરે છે. તમોએ સ્ટેશન પર ગુપ્તતા ન જાળવી તેની વાત કરે છે. કોઈ પણ વ્યક્તિ જંગલખાતાની એક વ્યક્તિ સાથે અહિં આવે છે એવું આ કાગડો કહે છે અને વધુ રહેશો તો બે ચાર દિવસમાં અહિં ખૂબજ માનવ મહેરામણ ઉલટશે. ૨૦ મિનિટમાં એ ચારે વ્યક્તિ ત્યાં આવી પહોંચી. પૂ. શ્રીએ તેમને પૂછયું હું અહિં છું તે તમોને કોણે કહ્યું તો સ્ટેશન પર રેલ્વેના ટી. ટી, સાહેબે વાત કરી હતી.

સાંજ સુધીમાં બીજા તીસ ચાળીસ માણસો આવ્યા. કોઈના બાપ ખોવાયા તે પૂછવા આવ્યા: વિ. તેમાંના એક ભાઈ કહે છે કે ઈચ્છાશંકર શાસ્ત્રી ઘણા બિમાર છે.

તે આપના દર્શનની ઈચ્છા રાખે છે. આપ વલસાડથી પસાર થાવ ત્વારે તેમને દર્શન આપતા જાવ તો ઘણી કૃપા થશે. તેઓ મને પણ કહેતા ગયા કે આપ પૂ. શ્રીને સમજાવીને જરૂર કહેજો કે તેઓ શાસ્ત્રીજીને ત્યાં પધારે. તેમના ગયા પછી પૂ. શ્રીએ કહ્યું કે ઈચ્છાશંકરને કંઈ થવાનું નથી. અને ત્યાં આપણે જવું નથી. મે. વકીલકાકાને પણ વકીલાત કરવા કહ્યું તો પૂ. શ્રી કહે છે કે આપણે ત્યાં જઈશું તો પાદુકાપૂજન, ભજન વિ. માં બે કલાક નીકળી જશે છતાં હું ચપટી વગાડું એટલે અવધૂતનચિંતન શ્રી ગુરુદેવદત્તની ઘોષણા કરજો એટલે આપણે ઊઠી જઈશું. મેં પણ માન્ય રાખ્યું,

પાંચમે દિવસે પારનેરાથી નીકળી સીધા દર્શનાતુર શાસ્ત્રીજીને ત્યાં ગયા. ત્યાં લગભગ જબરો શંભૂમેળો છસો સાતસો માણસોનો સમૂહ હતો. પૂ. શ્રી ઘરમાં ગયા પૂજનનું સાહિત્ય વિપ્રવૃંદ વિ. જોયું. હું પણ આશ્ચર્ય પામ્યો. દત્તબાવની શરૂ કરી ઈચ્છાશંકરભાઈ એ પૂ. શ્રીને પુષ્પમાળા પહેરાવી સ્વાગત કર્યું અને પૂ. શ્રી એ ચપટી વગાડી મેં ગુરુદેવત્તની ઘોષણા કરી પૂ. શ્રી ઊઠયા અને ઘર બહાર ગયા. ઉતાવળથી ઘોડાગાડીમાં બેસી ગયા હું પાછળની ગાડીમાં બેઠો. જન સમુદાય મારા ઉપર ગુસ્સામાં આવી ગયો. જાણે હું પૂ. શ્રીને ઉઠાડી લઇ ગયો એવું બધાને લાગ્યું. સ્ટેશન પર ગયા એટલે પૂ. શ્રીએ મને કહ્યું કે ગુપ્તતા ન જાળવવાથી તમારેજ સહન કરવું પડયું. ઈચ્છાશંકર તો હજી ઘણા વર્ષ છે. પણ તમોને અનુભવ માટે જ આ હતુ

આ અજ્ઞાત વાસમાં મને મારા જીવનમાં અવધૂતને ઓળખવાની સુંદર તક મળી, આ અનુભવ મારા જીવનનો સૂર્યોદય કહો કે આ ગુરુપ્રત્યેના ખ્યાલનો ભ્રમ ટળ્યો. ઊગતી પેઢીના યુવાનોને સમજ પ્રાપ્ત થાય બીજા ઘણા પ્રસંગો મારે માટે આવ્યા તે પ્રસંગોનો આજે યાદ કરીને છાંયડે બેસી પશુ વાગોળે છે તેમ વાગોળું છુ.

